જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૭૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૯	૧	૧૧૭૧૦	૧૭૮૧૯	૧	૧૭૮૨૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૭	૦	૧૧૭	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૩૨૨૯	૨૧	૭૩૨૫૦	૭૪૨૭૯	૨૯	૭૪૩૦૮
કુલ		૮૯૭૮૮	૨૨	૮૯૮૧૦	૯૮૭૭૩	30	૯૮૮૦૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮	૪,૪૯,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩૦	૩,૩૦,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન

મિલકત સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા સે.પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા ધર્મેશ ઉર્ફે ધુમાલ સ/ઓ કાળીદાસ કેશવલાલ દાંતણીયા ઉ.વ.૪૯ રહે-ખાડાના છાપરા કબીરવાડી છીપા કબ્રસ્તાનની સામે ગીતામંદિર રોડ, કાગડાપીઠ અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) ગોમતીપુર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧ ૨૧૧૭૭૧/૨૦૨૧ ઈપીકો ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૧૨૧૫૨/૨૦૨૧ ઈપીકો ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૫૯૮/૨૦૨૧ તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૯/૧૦/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ, પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૭૯/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ નિનાદ વિનોદકુમાર વોરા (ઉ.વ.૩૭) (રહે. સુર્યમ સ્કાય, સ્વામિનારાયણ પાર્ક સર્કલ વસ્ત્રાલ) એ તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રિલ-૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૮૪૮૮૫૦૫૭૬, ૯૯૧૩૭૫૯૭૪૮, ૯૪૭૭૦૬૪૪૬૮, ૯૬૯૨૦૬૪૩૬૩ ના ધારકોએ ભેગા મળી નિનાદ વોરાને ફોન કરી આઈટીસી ટ્રેડ કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી કંપનીમાં ઇન્વેસ્ટ કરવાથી ૪૦ % થી ૫૦ % માસિક પ્રોફીટ થશે તેવી લોભામણી વાતો કરી નિનાદ વોરા તેમજ તેમના પત્ની પાસેથી કુલ રૂપિયા ૧૫,૬૨,૭૫૨/- ભરાવડાવી કોઇ પ્રોફીટ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

મણીનગરઃ લાલચંદ ભાગચંદ વાસવાણી (ઉ.વ.૬૮) (રહે. નિરંકર સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૧૬ ના રોજ મણીનગર ગોપાલ ટાવર દુકાન નંબર-૧૦૭, ૧૦૮ રેડીમેઈટ કપડાની દુકાન ખાતે આરોપી (૧) ગંગારામ પરશરામ કેવલ રામાણી (ઉ.વ.૬૭) અને (૨) બંન્ટી ગંગારામ કેવલ રામાણી (ઉ.વ.૩૬) (બન્ને રહે. ધન એપાર્ટમેન્ટ એલીસબ્રીજ) એ ભેગા મળી લાલચંદ વાસવાણીને લોભામણી લાલચ આપી લાલચંદ વાસવાણી તથા તેઓના મિત્ર પાસેથી તેઓની શેડની સ્કિમમાં શેડ નંબર-૧૫ ના બુકીંગ પેટે રૂપિયા ૩૧,૦૦,૦૦૦/- મેળવી લઈ એલોટમેન્ટ લેટર નહીં આપી તેમજ આપેલ રૂપિયા આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

વાડજ: સ્તુતિ વા/ઓ આકાશભાઇ શાહ (ઉ.વ.૩૮) (રહે. સ્થાનકવાસી સોસાયટી નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે જુના વાડજ) એ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ નવા વાડજ કિરણપાર્ક રોડ ગોકુલ મેવાવાલા ફ્લેટ ખાતે રહેતા આરોપી (૧) દિનેશ ચંન્દ્રપ્રકાશ શર્મા તથા (૨) તેમના ભાઇ કમલેશ ચંન્દ્રપ્રકાશ શર્મા અને (૩) નરેશભાઇ ચીરંજીલાલ સોની (રહે. શીવમ એપાર્ટમેંન્ટ વ્યાસવાડી પાસે) ને સોનાના દાગીના બનાવડાવવા ૨૦૦ ગ્રામ સોનાના દાગીના તથા ૭૦ ગ્રામ સોનાની લગડી મળી કુલ ૨૭૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૧૨,૭૦,૦૦૦/- આપેલ હતા. જેઓએ સોનુ કે દાગીના આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

નિકોલ: ઋષીકેશ બળવંતરાય ત્રીવેદી (ઉ.વ.૫૮) (રહે. દેવ આશિષ-૪૧ બંગ્લોઝ નવા નરોડા) એ તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રિલ-૨૦૧૫ થી સપ્ટેમ્બર/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન કઠવાડા જીઆઈડીસી રોડ નં-૬ પ્લોટ નંબર-૩૪૧ ડીસન્ટ સ્ટીલ ફેબ કંપનીના માલીક હાર્દિક જગદીશભાઈ પંચાલ (રહે. સરસ્વતી કો.ઓ હાઉસીંગ નારાયણનગર ઠક્કરબાપાનગર) એ કંપનીમાં કામ કરતા કર્મચારીના પી.એફ. કપાતના નાણા ૬,૦૪,૧૦૧/- પી.એફ.માં જમા નહી કરાવી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

<u>ઘરફોડ:-</u> **<u>સમાચાર યાદી નં.૧૯૮૦/૨૦૨૧</u>**

સેટેલાઈટ: આભાસભાઈ અશોકભાઈ કંડ્યા (રહે. વિધ્યાનગર ફ્લેટ કેશવબાગ પાર્ટી પ્લોટ પાસે) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૪૫ થી તા.૨૯/૧૦/૨૦૨૧ કલાક ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ શિવંરંજની જય શેફાલી રો હાઉસ બંગલા નંબર ૩૬ ૦૭૯-ડીઝાઈન સ્ટોર નામથી આર્ટ ગેલેરીની લોખંડની જાળી તથા દરવાજાનુ ઈન્ટર લોક તોડી અજાણી વ્યક્તિ આર્ટ ગેલેરીમા પ્રવેશ કરી ૩૨ ઈંચનુ એલસીડી, ડીવીઆર અને અલગ-અલગ શો-પીસ નંગ-૨૭ મળી કુલ કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

<u>ત્યજી દીધેલ હાલતમાં શિશુ મળી આવવા બાબત:-</u> **<u>સમાચાર યાદી નં.૧૯૮૧/૨૦૨૧</u>**

અમરાઇવાડી: તા.૨૯/૧૦/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી મહાલક્ષ્મીનગર ખાતે સીડી ઉપરથી જીવીત નવજાત શિશુ (છોકરો) ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા અમરાઇવાડી પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૮૨/૨૦૨૧**

ઘાટલોડીયાઃ મીરલભાઇ રમેશભાઇ શાહ (ઉ.વ.૩૩) (રહે. સરદાર પટેલનગર શાસ્ત્રીનગર ત્રણ રસ્તા પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૨૦૨૧ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલાં પોતાના રહેણાંકના બ્લોકના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.